વલસાડ જિલ્લામાં જનજીવન અસ્તવ્યસ્ત

ઔરંગા નદી પરનો ડેમ છલકાયો, નદી હે કાંઠે વહેવા લાગી

વલસાડઃ વલસાડ જિલ્લામાં ચોમાસાએ જમાવટ કરતાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. ઉપરવાસમાં સતત વરસી રહેલા વરસાદના કારણે જિલ્લાની નદીઓ અને જળાશયોમાં પાણીની આવક વધી છે, જ્યારે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ યથાવત જોવા મળી રહી છે.

વાપી શહેરમાં સોમવારે સાંજના સમયે ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. શહેરના માર્ગો તેમજ કેટલાક રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મંગળવારે સવારે મોટાભાગના વિસ્તારોમાંથી પાણી ઉતરી જતા જનજીવન ફરી સામાન્ય બન્યું હતું.

મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર પણ વિવિધ સ્થળોએ પાણી ભરાવાની નાની-મોટી ઘટનાઓ સામે આવી હતી. માર્ગ પર પાણી ફરી વળતા વાહનચાલકોએ સાવચેતીપૂર્વક વાહનો હંકારવા પડ્યા હતા, જેના કારણે કેટલાક સમય માટે વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો.

વલસાડ શહેરમાં છીપવાડ ગરનાળામાં ફરી એકવાર પાણી ભરાતા તંત્ર દ્વારા માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. ગરનાળું બંધ થતાં વાહનચાલકો અને સ્થાનિક લોકોને લાંબો ચકરાવો લઈને પોતાના ગંતવ્યસ્થાને પહોંચવું પડ્યું હતું. વરસાદી દિવસોમાં આ ગરનાળામાં વારંવાર પાણી ભરાવાની સમસ્યાથી લોકોમાં રોષ પણ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ ઉપરવાસમાં સતત વરસાદ વરસતા જિલ્લાના અનેક કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ખાસ કરીને ધરમપુર અને કપરાડા તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કોઝવે ઉપરથી પાણી વહેતા હોવાથી ગામો વચ્ચેનો સંપર્ક અંશતઃ પ્રભાવિત થયો છે.

વરસાદના કારણે ઔરંગા નદીમાં પણ પાણીની આવક વધી છે. વલસાડ નગરપાલિકા સંચાલિત ઔરંગા નદી પરનો ડેમ છલકાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે નદીના પ્રવાહમાં વધારો થયો છે. નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

જિલ્લાના 144 માર્ગો બંધ, અનેક કોઝવે પાણીમાં ગરકાવ

વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નદીઓ અને નાળાઓમાં પાણીની આવક વધતા જિલ્લાના કુલ 144 માર્ગો વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયા છે. સૌથી વધુ અસર ધરમપુર, કપરાડા, પારડી અને વલસાડ તાલુકાના ગ્રામ્ય માર્ગો પર જોવા મળી રહી છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નદીઓમાં પાણીનો પ્રવાહ વધી જતાં અનેક કોઝવે અને નીચાણવાળા માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. પરિણામે અનેક ગામોનો સંપર્ક મુખ્ય માર્ગો સાથે ખોરવાયો છે અને લોકોને લાંબા ચકરાવા મારવા પડી રહ્યા છે. ખાસ કરીને ધરમપુર અને કપરાડાના અંતરિયાળ વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર બની છે, જ્યાં પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર લગભગ ઠપ્પ થઈ ગયો છે.

વલસાડ જિલ્લાનો છેલ્લા 24 કલાકનો વરસાદ

તાલુકા	વરસાદ (ઇંચ)
વલસાડ	6.10
ધરમપુર	5.43
પારડી	6.26
કપરાડા	8.23
ઉમરગામ	5.55
વાપી	6.38
નાનાપોંઢા	7.17
જિલ્લાની સરેરાશ	6.45 ઇંચ

ધરમપુરમાં બાળકીને બચાવવા જતાં યુવાન પાણીમાં તણાયો

11 વર્ષીય બાળકીનો જીવ બચી ગયો પણ યુવાન પાણીમાં તણાયા તેની ભાળ મળી નહીં

ધરમપુરઃ તાલુકાના તિસ્કરી તલાટ ગામે ભારે વરસાદના કારણે ભરાયેલી ઉખડિયા ખાડીમાં 11 વર્ષીય બાળકીને બચાવવાનો પ્રયાસ કરતાં સ્કૂલ વાહનચાલક અજયભાઈ ઉર્ફે સંદીપભાઈ ધીરુભાઈ ગાંવિત (ઉ.વ. 42) પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ, ફાયર બ્રિગેડ અને સ્થાનિક તંત્ર દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ તેમની ભાળ મળી ન હતી.

અજયભાઈ તિસ્કરી તલાટ વિસ્તારમાં પોતાની ઇકો કાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓને લેવા ગયા હતાં. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ઉખડિયા ખાડીમાં પાણીનો પ્રવાહ વધી જતા રસ્તો સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

આસીફ શેખ

આ દરમિયાન અજય ધીરુભાઈ ગાંવિત (ઉ.વ. 38, રહે. તિસ્કરી, ચાર રસ્તા) અનિલભાઈ પટેલની 11 વર્ષીય પુત્રી પરીને ખભા પર બેસાડીને પાણી ભરાયેલા રસ્તે પરત ફરી રહ્યા હતા. ત્યારે રસ્તો દેખાતો ન હોવાથી બંને અચાનક ખાડીમાં પડી ગયા. ઘટનાના સાક્ષી બાલુભાઈ જીવણભાઈ ચૌધરી તરત જ બચાવ માટે દોડી આવ્યા અને ભારે જહેમત બાદ બાળકી પરીને સલામત બહાર કાઢી લીધી. પાણીના જોરદાર પ્રવાહમાં અજયભાઈ તણાઈ ગયા હતા. બીજી તરફ, ઇજાગ્રસ્ત બાળકી પરીને સારવાર માટે ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

અજયભાઈના પિતા ધીરુભાઈ ગોપજીભાઈ ગાંવિતે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણ કરી હતી. ભારે વરસાદ અને પાણીના પ્રચંડ પ્રવાહને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. બાળકીનો જીવ બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકનાર અજયભાઈની હિંમતની સ્થાનિક લોકો પ્રશંસા કરી રહ્યા છે.

વલસાડમાં રસ્તા પર 15 ફૂટનો ખાડો પડતાં લોકો પરેશાન

વલસાડ શહેરમાં સાંઈ લીલા મોલથી પોલીસ હેડક્વાર્ટર તરફ જતો માર્ગ અચાનક બેસી જતાં વાહનચાલકોમાં દોડધામ મચી ગઈ હતી. રોડ પર અંદાજે 15 ફૂટ લાંબો, 5 ફૂટ પહોળો અને 1 ફૂટ ઊંડો ખાડો પડી જતાં માર્ગ અત્યંત જોખમી બની ગયો હતો. ઘટનાની જાણ થતાં પાલિકા અને સંબંધિત વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને સુરક્ષાના ભાગરૂપે ખાડાની આસપાસ બેરિકેડ મૂકી વાહનચાલકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે કપચી નાખી ખાડાને કામ ચલાઉ રીતે પૂરવાની કામગીરી હાથ ધરી હતી.

વાપીમાં 2 કલાકમાં 3 ઈંચ વરસાદથી અંડરપાસમાં પાણી ફરી વળ્યા

વાપીમાં ૨૪ કલાકમાં ૬.૪૮ ઇંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયાં

વાપીઃ વાપીમાં છેલ્લા ૨૪ કલાકમાં જોરદાર વરસાદ પડતા જનજીવન ખોરવાયું હતું. સોમવારની રાત્રે માત્ર બે કલાકમાં ૭૭ મીમી એટલે કે ત્રણ ઇંચ વરસાદ ખાબકતા વાપીમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. અંડરપાસમાં પણ પાણી ફરી વળતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં વાપીમાં ૧૬૨ મીમી એટલે કે ૬.૪૮ ઇંચ વરસાદ પડતા જનજીવન ઉપર અસર થઈ હતી. મંગળવારે દિવસ દરમિયાન વરસાદનું જોર ઓછું થયું છે. દિવસ દરમિયાન પણ બે ઇંચ જેવો વરસાદ પડ્યો હતો.

બીજી તરફ દમણ ગંગા નદીમાં મધુબન ડેમથી છોડવામાં આવતા પાણીને લઈને નદી બે કાંઠે વહેતી થઈ છે. મધુબન ડેમની જળ સપાટી સાંજે ૫ કલાકે ૭૨.૫૫ મીટર સુધી પહોંચી હતી. ડેમમાં પાણીનો ઈન ફ્લો ૬૨,૨૨૭ ક્યુસેક જ્યારે આઉટ ફ્લોઉ૩,૪૬૨ ક્યુસેક સાંજે પાંચ વાગ્યે જોવા મળ્યો હતો.

સેલવાસ અને ખાનવેલમાં ભારે વરસાદ

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસમાં સવારે ૮ કલાકે પુરા થતાં ૨૪ કલાકમાં ૨૬૬ મીમી એટલે કે ૧૦.૪૭ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે ખાનવેલમાં ૯.૯૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો. મંગળવારે દિવસ દરમિયાન સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધીમાં સેલવાસમાં ૨.૮૩ ઇંચ તથા ખાનવેલમાં ૨.૭૪ ઇંચ વરસાદ પડ્યો હતો. જેના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા.

દમણમાં 24 માં 7.17 ઇંચ વરસાદ, ધરતીપુત્રોએ વાવણી શરૂ કરી

દમણઃ સંઘપ્રદેશ દમણના છેલ્લા 4 દિવસથી દેમાર વરસાદ ઝીંકાતા ઠેરઠેર પાણી ભરાવાનાં દૃશ્યો જોવાં મળી રહ્યાં છે. સાર્વત્રિક વરસી રહેલા વરસાદને પગલે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની જવા પામ્યું છે. ખેતી લાયક વરસાદ વરસવાનું શરૂ થઈ જતાં ખેડૂતો પણ ખેતરમાં વાવણીની પ્રક્રિયામાં જોતરાઈ ગયા હતા. દમણમાં 24 કલાક દરમિયાન 7.17 ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. મંગળવારે સવારે 8થી સાંજે 5 વાગ્યા સુધીમાં છૂટા છવાયા વરસાદ વચ્ચે 1.80 ઇંચ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં દમણમાં 38.72 ઇંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે.

બોરલાઈમાં બે કાર તણાઈ, ઘરમાં પાણી ઘૂસ્યા: 10નું સ્થળાંતર

તાલુકાના કોઝ-વે પાણીમાં ગરકાવ થઈ જતાં 9 માર્ગો બંધ કરવા પડ્યા

ઉમરગામઃ ઉમરગામમાં છેલ્લા 24 કલાકમાં 5.56 ઈંચ વરસાદ વરસ્યો હતો. સતત વરસી રહેલા વરસાદના કારણે ઉમરગામ તાલુકામાં નવ જેટલા નીચાણવાળા કોઝવે રસ્તાઓ ઉપર પાણી ફરી વળતા સુરક્ષાના કારણોસર બંધ કરવા પડ્યા હતા. બોરલાઈમાં રાત્રે બે કાર પાણીમાં તણાઈ જવાની ઘટના બની હતી. કારમાં સવાર તમામ ચાર લોકો સુરક્ષિત બહાર આવી ગયા હતા. સંજાણમાં ઘરોમાં ઘૂસી ગયા હતા. ઉમરગામ તાલુકામાં મંગળવારે સાંજના ચાર વાગ્યા સુધીમાં પૂરા થતા 24 કલાકમાં 139 મીમી (5.56 ઈંચ) વરસાદ નોંધાયો હતો આ સાથે મોસમનો કુલ વરસાદ 830 મીમી (33.2 ઈંચ) જેટલો નોંધાવા પામ્યો છે.

ઉમેશ સોલંકી

સંજાણ વિસ્તારમાં બંધારણ પાડા, સંજાણ ચાર રસ્તા ઝૂંપડપટ્ટી વિસ્તાર આમગામ રોડ બુનાટપાડા હળપતિ વિસ્તાર વિગેરે વિસ્તારમાં ઘરોમાં પાણી ઘૂસી જતા લોકો હાલાકીમાં મુકાઈ ગયા હતા. ઘરવખરીને નુકસાન થયું હતું. પંચાયતના આગેવાનો તેમની ટીમ સાથે તથા પોલીસ અને રેસ્ક્યુ ટીમ મદદ માટે દોડી ગઈ હતી. લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. 10 જણાનું સ્થળાંતર કરી ગ્રામ પંચાયતના હોલમાં રાખવામાં આવ્યા હતા ઉમરગામ તાલુકામાં ઘણી જગ્યાએ વૃક્ષો તૂટી પડ્યાના બનાવો બન્યા હતા. કોઈ જાનહાની થઈ નથી.

વલસાડમાં બામ ખાડીનો પુલ ડૂબતાં ૧૦થી વધુ ગામો સંપર્ક વિહોણાં

વલસાડઃ વલસાડ તાલુકામાં પડી રહેલા અનરાધાર વરસાદને પગલે કુંડી આહીરવાડ અને અંદરગોટાને જોડતા બામ ખાડીના નાના પુલ પર પાણી ફરી વળ્યા છે. પુલ ઉપર પૂરના પાણી આવી જતાં આ માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે, જેના કારણે કુંડી, અંદરગોટા સહિત આસપાસના ૧૦થી વધુ ગામોનો સંપર્ક મુખ્ય મથકથી તૂટી ગયો છે. સ્થાનિક નદી-નાળા છલકાઈ જતાં અને પુલ પાણીમાં ગરકાવ થઈ જતાં હજારો ગ્રામજનો મુશ્કેલીમાં મૂકાયા છે. રોજિંદા કામકાજ, દૂધ વિતરણ અને ઇમરજન્સી સેવાઓ માટે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તો બંધ થતાં સ્થાનિકોને હવે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે દ્રથી ૭ કિલોમીટરનો લાંબો ચકરાવો કાપવાની ફરજ પડી રહી છે.

વલસાડમાં ઔરંગા નદીનો પુલ બંધ કરાયો

વલસાડઃ વલસાડ ઔરંગા નદીનો બ્રિજ બંધ કરાયો છે. વલસાડ શહેરમાંથી પસાર થતી ઔરંગા નદીમાં પણ નવા નીરની આવક થતાં નદી બંને કાંઠે વહેતી થઈ છે. નદીના જળસ્તરમાં સતત વધારો નોંધાતા સ્મશાન ભૂમિ પાસે આવેલો ઔરંગા નદીનો ડૂબાઉ બ્રિજ પાણીની સપાટીની નજીક આવી ગયો હતો. સલામતિના ભાગરૂપે તંત્ર દ્વારા આ બ્રિજ પરનો વાહનવ્યવહાર તબક્કાવાર બંધ કરવામાં આવ્યો છે. પ્રારંભમાં માત્ર ચાર પૈડાવાળા વાહનો માટે બ્રિજ બંધ કરવામાં આવ્યો હતો, પરંતુ નદીના પાણીનું સ્તર વધુ વધતાં હવે દ્વિચક્રી વાહનોની અવરજવર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

વાપી કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજમાં જીએસટી દિવસ ઉજવાયો

વાપીઃ વાપી નજીકના ચણોદ સ્થિત કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ દ્વારા ભારતમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ના અમલીકરણની ઉજવણી અને દેશની પરોક્ષ કર પ્રણાલી વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે જીએસટી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કો-ઓર્ડીનેટર CMA જિગ્નેશ પારેખ દ્વારા સ્વાગત સાથે થઈ હતી. રિસોર્સ પર્સન એડવોકેટ નીરવ પારડીવાલા દ્વારા જીએસટીનું મહત્વ, તેના ઉદ્દેશ્યો, ફાયદા અને વ્યવસાયો, ગ્રાહકો અને ભારતીય અર્થતંત્ર પર તેની અસર સમજાવવામાં આવી હતી. નિષ્ણાતે જીએસટીમાં તાજેતરના વિકાસ, કર પાલનનું મહત્વ, ડિજિટલ કરવેરા અને નાણાકીય ક્ષેત્રમાં કારકિર્દીની તકો પર પણ પ્રકાશ પાડ્યો હતો. વિદ્યાર્થીઓએ જીએસટી નોંધણી, ઇનપુટ ટેક્સ ક્રેડિટ, જીએસટી રિટર્ન અને પાસ્દર્શક અને એકીકૃત કર માળખાને પ્રોત્સાહન આપવામાં જીએસટીની ભૂમિકા સંબંધિત પ્રશ્નો પૂછીને ઇન્ટરેક્ટિવ સત્રમાં સક્રિયપણે ભાગ લીધો હતો. કાર્યક્રમે વિદ્યાર્થીઓની કરવેરા પ્રત્યેની વ્યવહારુ સમજણમાં વધારો કર્યો હતો અને તેમને જવાબદાર કરદાતા બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. આ ઉજવણીમાં વાપી CMA ચેપ્ટર ઓફિસના ચેરમેન CMA આર.એમ.કંદોઈ તેમજ CMA મનીષ ગુપ્તાની વિશેષ હાજરી રહી હતી. કોલેજના આચાર્યા ડો.પૂનમ બી.ચૌહાણે CMA ચેપ્ટર ઓફિસ, વાપીનો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને કર કાયદામાં થતા ફેરફારોથી પોતાને અપડેટ રાખવા અને નૈતિક વ્યવસાયિક પ્રથાઓ દ્વારા રાષ્ટ્રના આર્થિક વિકાસમાં યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

વલસાડમાં નશાબંધી કચેરીનો જુનિયર ક્લાર્ક લાંચ લેતાં ઝડપાયો

લીકર પરમિટ કાઢી આપવા રૂ. 10 હજારની લાંચ માંગી હતી

વલસાડઃ વલસાડમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.)એ દારૂ પીવાની પરમિટ માટે લેવાતી લાંચ માટે આજે એક ઓપરેશન હાથ ધરી નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરીમાં ફરજ બજાવતા જુનિયર ક્લાર્કને રૂ.10 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર એ.સી.બી.ને આધારભૂત માહિતી મળી હતી કે, વલસાડની નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરીમાં લીકર પરમીટ કાઢી આપવાના બદલામાં અધિકારી-કર્મચારીઓ દ્વારા રૂ.5 હજારથી રૂ.10 હજાર સુધીની લાંચની માંગણી કરવામાં આવે છે. આ માહિતીની ખરાઈ કરવા માટે એ.સી.બી. દ્વારા ડીકોય છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડીકોય દરમિયાન એક જાગૃત નાગરિકના સહકારથી લીકર પરમીટ માટે અરજી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરીમાં વર્ગ-3ના જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અનિલ રણછોડભાઈ કાનાણી (ઉ.વ. 34)એ પરમીટ કાઢી આપવાના બદલામાં રૂ.10 હજારની લાંચની માંગણી કરી હતી.

બાદમાં આરોપીએ માંગેલી રૂ.10 હજારની લાંચ સ્વીકારતા એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. લાંચની સંપૂર્ણ રકમ પણ કબજે લેવામાં આવી હતી.

આ છટકું વલસાડ શહેરના આશિષ બિલ્ડિંગના ત્રીજા માળે આવેલી નશાબંધી અને આબકારી અધિક્ષક કચેરીની ગેલેરીમાં હાથ ધરવામાં આવી હતી. સમગ્ર ઓપરેશનનું નેતૃત્વ વલસાડ અને ડાંગ એ.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.આર. ગામીતે કર્યું હતું.

કપરાડાની પાર નદીમાં પૂર, 5 પુલ પાણીમાં, અનેક ગામો સંપર્ક વિહોણા

દૂધ લઈ જતા વાહનો અટવાયાં, ખેડૂતો પણ કૃષિ પેદાશ લોકો સુધી પહોંચાડી ન શક્યા

વલસાડઃ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે પાર નદીમાં આવેલા પૂરથી કપરાડા તાલુકાના પાંચ ડૂબાણવાળા પુલ પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. પરિણામે કપરાડા, ધરમપુર, નાનાપોઢા અને વલસાડને જોડતા મુખ્ય માર્ગો બંધ થઈ જતાં હજારો લોકોનો જનસંપર્ક ખોરવાયો હતો.

પૂરના પાણીમાં ટોકરપાડા-બોરપાડા, વાંસદા જંગલ-માની, ચીચપાડા-મોહનાકાવચાળી આવેલો વિસ્તાર તથા નાદગામ-ઢાકવળ વચ્ચે આવેલા પુલો ગરકાવ થતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ જતા લોકો સંપર્કવિહોણા બન્યા છે. જ્યારે રોજિંદા કામકાજ, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ માટે અવરજવર કરતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા દૂધનું સંકલન થઈ શકતું નથી. જેના કારણે હજારો લીટર દૂધ બગડવાની ભીતિ સર્જાઈ છે અને પશુપાલકોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ઉપરાંત ખેડૂતો પણ પોતાની કૃષિ પેદાશો બજાર સુધી પહોંચાડી શકતા નથી. સ્થાનિક લોકોએ સરકાર સમક્ષ ડૂબાણમુક્ત ઊંચા પુલોના નિર્માણ કરવાની માંગ ઉઠાવી છે, જેથી દર ચોમાસે સર્જાતી આ સમસ્યામાંથી લોકોને કાયમી રાહત મળી શકે.

માની ગામના પૂર્વ સરપંચ જાનુભાઈ વાદુએ જણાવ્યું હતું કે, દર વર્ષે ચોમાસામાં પાર નદીમાં પૂર આવતાં આ વિસ્તારના લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો શાળાએ પહોંચી શકતા નથી, દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં મુશ્કેલીઓ સર્જાય છે.

પારડીના સામરપાડામાં વીજ કરંટ લાગતા યુવકનું મોત

પારડીઃ પારડીના સામરપાડા ગામના રહેવાસી કમલેશભાઈ દેવુભાઈ પટેલ (ઉ.વ. 31) પોતાના ઘરની પેજારી (છાપરાના ભાગ)માં વરસાદી પાણી ટપકતું હોવાથી તેની મરામત કરી રહ્યા હતા. તે દરમિયાન પેજારીના ડાંડાં સાથે વીંટળાયેલો વીજ વાયર ક્રેક થયેલો હોવાથી લાકડું પકડતાં જ તેમને અચાનક વીજ કરંટ લાગ્યો અને તેઓ નીચે પટકાયા હતાં. બનાવ સમયે તેમની પત્ની દિક્ષિતાબેને બૂમાબૂમ કરતાં પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતાં. તાત્કાલિક નાનાપોંઢા સીએચસી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતાં. મૃતકના પિતરાઈ ભાઈ કલ્પેશભાઈ મોહનભાઈ પટેલે પારડી પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોટી દમણ લાઈટ હાઉસ પાસેથી 2 યુવકની લાશ મળી

બન્ને અજાણ્યા મૃતદેહો અન્ય સ્થળેથી તણાઈને આવ્યાનું પોલીસનું અનુમાન

દમણઃ સંઘપ્રદેશ દમણના મોટી દમણ લાઈટ હાઉસ પાસેથી 2 અજાણ્યા પુરુષની લાશ મળી હતી. એક લાશ પ્રવેગ હોટલ અને બીજી લાશ આયુષ્યમાન હોસ્પિટલ પાસેના દરિયા કિનારા પર જોવા મળતા આ અંગે મોટી દમણ કોસ્ટલ પોલીસને જાણ કરવામાં આવી હતી. એસ.એચ.ઓ. સહિતનો પોલીસ કાફલાએ સ્થળ પર પહોંચી બન્ને લાશને બહાર કાઢવાની કામગીરી કરી હતી. બન્ને અજાણ્યા પુરુષોની લાશ પૈકી એક પુરુષની ઉંમર આશરે 25થી 30 વર્ષ અને બીજા પુરુષની ઉંમર આશરે 30થી 35 વર્ષની હોવાનું તથા એક પુરુષે શરીર પર ભૂરા કલરના ચેક્સવાળુ શર્ટ અને ટ્રેક પેન્ટ પહેર્યું હતું. જ્યારે બીજા પુરુષના શરીર પર કાળા કલરની ફૂલ સ્લીવ ટી શર્ટ અને ટ્રેક પેન્ટ પહેર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર એક લાશ 3થી 4 દિવસ પહેલાની હોવાનું અને બીજી લાશ 5થી 6 કલાક પહેલાની હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ લાશ ગત રાત્રે ડેમમાંથી છોડવામાં આવેલા પાણી તથા મોડી રાત્રે દરિયામાં ભરતી આવી હોવાને લઈ કોઈ અન્ય સ્થળેથી તણાઈને આવી હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે.

શ્રી સોમનાથ મહાદેવ મંદિર અને તે અંગેની મિલકત ટ્રસ્ટ, દેસરા - બીલીમોરા.

શ્રાવણ માસના મેળા માટે નિયત મેદાન/મિલકતો માટે ટેન્ડર ઓફર આપવા અંગે

ટ્રસ્ટની નીચે જણાવેલ મીલકતો શ્રાવણ માસ માટે તા. ૧૩/૦૮/૨૦૨૬ થી ૧૧/૦૯/૨૦૨૬ સુધી (એક માસ માટે) ઉપયોગ કરવા રસ ધરાવનાર વ્યકિતઓએ ટેન્ડર ફોર્મમાં જણાવેલ અપસેટ વેલ્યુથી ઉપર સીલ બંધ કવરમાં ટેન્ડર ભરવાના રેહશે.

મિલકતની વિગત

૧. મંદિરની દક્ષિણ દિશામાં આવેલ નકશા મુજબની જગ્યા.
૨. ગોકળદાસ ઈટવાલા પાર્ટી પ્લોટ
૩. રામીબેન આમલીયન હોલ અને તેને સંલગ્ન જગ્યા
૪. રામીબેન હોલ તેમજ મોહન ચુનીલાલ હોલ સામેની નકશામાં બતાવેલ મુજબ સ્ટોલની જગ્યા

ઓફર તા. ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ઓફીસ સમય સવારે ૯ થી ૧૨ અને બપોર ૩ થી ૬ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે ત્યારબાદ આવેલી ઓફર માન્ય રાખવામાં આવશે નહી.

ટેન્ડર અંગેની વધુ વિગતો તથા શરતો કાર્યાલયમાંથી મેળવી લેવી. જે શરતોને આધિન ટેન્ડર ભરવાનું રહેશે.

જે તે મિલકતની અપસેટ વેલ્યુ જે તે મિલકતના ઓફર ફોર્મમાં જણાવેલ છે. જે ઉપર જ ઓફર ફોર્મ ભરવાના રહેશે અન્યથા અપસેટ વેલ્યુ નીચેના ઓફર ફોર્મ રદબાતલ ગણાશે.

સૌથી વધુ આવેલ ઓફર સ્વિકારવામાં આવશે અને તે ફાઈનલ ગણવામાં આવશે

ઓફર ફોર્મમાં જણાવેલ અનેસ્ટ મનીનો ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ટેન્ડર સાથે જમા કરવાની રહેશે.

ટેન્ડર સાથે આપેલી શરતો મુજબ જે તે ટેન્ડર ધારક દ્વારા નક્કી કરેલી તારીખ સુધીમાં મંજુર થયેલી ટેન્ડરની બાકી રકમ સંસ્થાને ફરજીયાત જમા કરાવવાની રહેશે.

આ શરતોનું પાલન ન કરનાર ટેન્ડર ધારકની જમા ડિપોઝીટ રકમ ફોરફીટ જાહેર થયેલી ગણાશે.

ઉપરની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે, તેમાં ચુક થયેથી સંસ્થા તરફથી કોઈ પણ પ્રકારની NOC આપવામાં આવશે નહિ.

પ્રમુખશ્રી
શ્રી સોમનાથ મહાદેવ મંદિર
અને તે અંગેની મિલકત ટ્રસ્ટ